ગુજરાત અર્બન કો.ઓપરેટીવ બેન્કસ ફેડરેશન

કો.ઓપરેટીવ બેન્કસ ભવન, આશ્રમ રોડ, અમદાવાદ – 380009.

ક્રમાંક: જીયુસીબીએફ/51/468 તા:02/02/2026

તમામ અર્બન કો. ઓપરેટીવ બેન્કો

Reserve Bank of India (Urban Co-operative Banks – Cash Reserve Ratio and Statutory Liquidity Ratio) Amendment Directions, 2026 પરીપત્ર તરફથી તા. 22/01/2026 ના પરિપત્ર ગુજરાતી અનુવાદ આ સાથે મોકલીએ છીએ. વધુ સ્પષ્ટ અર્થઘટન માટે અંગ્રેજી પરિપત્ર નો આધાર લેવો. આ પરિપત્ર ફેડરેશનની વેબસાઇટ www.gujfed.com ઉપર Circular In Gujarati Menu માં મૂકવામાં આવેલ છે

આપનો વિશ્વાસુ

(જે.વી.શાહ)
ચીફ એક્ઝીક્યુટીવ ઓફીસર

RBI/2025-26/202
DOR.RET.REC.399/12.01.001/2025-26 તારીખ: 22 જાન્યુઆરી, 2026

રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા (અર્બન કો-ઓપરેટીવ બેંકો – કેશ રિઝર્વ રેશિયો અને સ્ટેટ્યુટરી લિક્વિડિટી રેશિયો) સુધારા નિર્દેશો, 2026

કૃપા કરીને રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા દ્વારા 28 નવેમ્બર, 2025ના રોજ જારી કરાયેલા રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા (અર્બન કો-ઓપરેટીવ બેંકો – કેશ રિઝર્વ રેશિયો અને સ્ટેટ્યુટરી લિક્વિડિટી રેશિયો) નિર્દેશો, 2025 ને ધ્યાને લો.

2. બેંકિંગ કાયદા (સુધારા) અધિનિયમ, 2025, બેંકિંગ રેગ્યુલેશન (કો-ઓપરેટીવ સોસાયટીઓ) સુધારા નિયમો, 2025 તેમજ રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા શેડ્યુલ્ડ બેંકો (સુધારા) રેગ્યુલેશન, 2025 અમલમાં આવતા, તે અનુક્રમે 10 ડિસેમ્બર, 2025 અને 15 જાન્યુઆરી, 2026ના રોજ ભારતના ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે.

3. આથી, બેંકિંગ રેગ્યુલેશન અધિનિયમ, 1949 ની કલમ 35A, તેમજ રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા અધિનિયમ, 1934 ની કલમ 42, અને બેંકિંગ રેગ્યુલેશન અધિનિયમ, 1949 ની કલમો 18 અને 24, કલમ 56 (AACS) સાથે વાંચીને (સમયાંતરે કરવામાં આવેલા સુધારાઓ સહિત), તેમજ આ બાબતે રિઝર્વ બેંકને સત્તા આપતા અન્ય તમામ કાયદાકીય જોગવાઈઓ અનુસાર, રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા જાહેર હિતમાં આવું કરવું આવશ્યક અને યોગ્ય છે અને સંતોષ કારક લાગતા, નીચે દર્શાવેલ સુધારા નિર્દેશો જાહેર કરે છે.

4. આ નિર્દેશોને “રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા (અર્બન કો-ઓપરેટિવ બેંકો – કેશ રિઝર્વ રેશિયો અને સ્ટેટ્યુટરી લિક્વિડિટી રેશિયો) સુધારા નિર્દેશો, 2026” તરીકે ઓળખવામાં આવશે.
5. આ જોગવાઈઓ તાત્કાલિક અસરથી અમલમાં આવશે.
6. આ સુધારા નિર્દેશો, નીચે મુજબ, રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા (અર્બન કો-ઓપરેટિવ બેંકો – કેશ રિઝર્વ રેશિયો અને સ્ટેટ્યુટરી લિક્વિડિટી રેશિયો) નિર્દેશો, 2025 માં ફેરફાર કરે છે:

(i) પેરાગ્રાફ 20 (3) માં, “રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા અધિનિયમ, 1934 ની કલમ 2 (cccii) હેઠળ વ્યાખ્યાયિત other Development financial institutions શબ્દો ઉમેરવામાં આવશે.

(ii) પેરાગ્રાફ 28 (4) (v) માંથી '“Cash in hand” હેઠળ' શબ્દો કાઢી નાખવામાં આવશે.

(iii) પરિશિષ્ટ I (ફોર્મ B) માં:

• “Industrial Development Bank of India, National Bank for Agriculture and Rural Development, Export-Import Bank of India” shall be substituted with " the National Bank, Exim Bank, the National Housing Bank, the Small Industries Bank, the National Bank for Financing Infrastructure and Development or other development financial institution.

• ફૂટનોટ્સ પહેલાં, આઇટમ 2 માંથી “Industrial Development Bank of India” શબ્દો કાઢી નાખવામાં આવશે અને તેના બદલે “National Housing Bank”, “Small Industries Bank”, “National Bank for Financing Infrastructure and Development” અને “Other development financial institution” શબ્દો ઉમેરવામાં આવશે.

(iv) પરિશિષ્ટ II (ફોર્મ I) અને પરિશિષ્ટ III માં:

• I (a) (i) તથા III (a) માં “IDBI Bank Limited” શબ્દો ઉમેરવામાં આવશે.

• IX માં “such” તથા “as notified by the Reserve Bank” શબ્દો ઉમેરવામાં આવશે.

• XI તથા XIII માં “per cent” શબ્દો પહેલાં “such” શબ્દ ઉમેરવામાં આવશે, શબ્દ “(or a higher specified percentage)” ને કાઢી નાખવામાં આવશે અને તેના સ્થાને “as notified by the Reserve Bank” શબ્દો ઉમેરવામાં આવશે.

• “Standing Deposit Facility Scheme” હેઠળ રિઝર્વ બેંકમાં જમા કરાયેલ રકમના નામે એક નવો મુદ્દો ઉમેરવામાં આવશે.

(v) પરિશિષ્ટ II (ફોર્મ I) ની ફૂટનોટ્સમાંમાંથી “Industrial Development Bank of India” શબ્દો કાઢી નાખવામાં આવશે અને તેના સ્થાને “National Housing Bank, Small Industries Bank” શબ્દો ઉમેરવામાં આવશે.

---

આપનો વિશ્વાસુ,

(મનોરંજન પાધ્ય)

મુખ્ય મહાપ્રબંધક (Chief General Manager)